સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૧૧

અહીં ગુંડાને ભગાડવાના કરાર થઇ જાય છે!
ને સાવ સાદા આતંકી પણ ફરાર થઇ જાય છે!
ધરાર હાથતાળી દઇ જાય છે રોજ ગુન્હેગારો -
'દાઉદ' સાચવવાની ચિંતામાં છેરાર થઇ જાય છે!
(છેરાર = પાતળો ઝાડો)

હાઈકુ

'ભૂલી જવું'- તો
વૃદ્ધ અવસ્થા માટે
છે આશીર્વાદ..
(અલ્ઝાઇમર-રોગ નથી)

ચૂંટણી પ્હેલાં -
બધા પક્ષો બાંધે છે
'હવાઇ' કિલ્લા!
(૧૦૦-એરપોર્ટ..)

ચિંતન

અહિ નૃપં ચ શાર્દુલં કિંટિ ચ બાલકં તથા ।
પરશ્વાનં ચ મૂર્ખ ચ સુપ્ત સુપ્તાન્ ન બોધયતે ॥

ચાણક્ય નીતિ શાસ્ત્ર કહે છે કે :

'સૂતેલા સાપ, સૂતેલો રાજા, વાદ્ય-વાજિંત્ર, સૂવર, બાળક, બીજાનો કૂતરો અને મૂર્ખ વ્યક્તિ આટલાં જો સૂતેલાં હોય તો એને જગાડવાં નહીં - જગાડવાથી આપત્તિ-મુશ્કેલીને જગાડવા જેવું થાય છે.'

સૂતેલાં સાપને જગાડો તો ફાંફળો-ફાંફળો થઇ ફૂંફાડો મારે અને ક્રોધિત થઇ જાય છે.

રાજા આમે ક્ષણિક સ્વભાવના હોય, એવાને સૂતા હોય તો ખલેલ પહોંચાડવાથી વિના કારણ ક્રોધિત થઇ જાય છે.

વાદ્ય પડ્યું રહ્યું હોય-ઢોલ-નગારાં-ત્રાંસા વગેરે એને ગરમ કરવાં પડે, સજાવાં પડે ખેંચીને તેજ કરવું પડે, ઉતરેલું વાદ્યનો અવાજ તીખો-મીઠો આવતો નથી. નોબતના ચાંમડાંને ગરમ કરવાથી અવાજ તેજ થાય છે.

સૂતેલું જંગલી પ્રાણીને ખલેલ પડવાથી ભૂખ હોય ન હોય તરાપ મારે છે - તેમજ પડોશીનું-પારકું કૂતરૂં જે આપણું પરિચિત નથી એને પણ ન જગાડવું.

બાળક જો શાંતિથી સૂતું હોય તો એની ઊંઘ પુરી થાય ત્યાં સુધી સૂવા દેવું જાગે ને અનેક માગણીઓ પણ જાગે...

સુવિચાર

- આપણી નિંદા કરવા વાળા માણસ મનોવૈજ્ઞાનિક મિત્ર છે જે આપણી ખામીઓ તરફ આપણું ધ્યાન ખેંચે છે - **જન કલ્યાણ**
- આપણે મોટું ધ્યેય હાંસલ કરવું હોય તો મનની નબળાઇઓનો છેદ ઉડાડવો જ પડે - **શેખ સાદી**
- સાવ ખોટી જગ્યાએ ફસાયા હોય ત્યારે જીભનો ઉપયોગ બંધ કરી પગનો તત્કાળ ઉપયોગ શરૂ કરો - **એસ ભટ્ટાચાર્ય**
- દુનિયામાં અકારણ વેરી ઘણાં હોય છે. પણ તમે અકારણ ઉપકારી બની જોજો- **સરદાર પટેલ**
- વિચાર વખતે શંકા શોભે અને આચાર વખતે શ્રદ્ધા - **રાજચંદ્ર**
- બેંક બેલેન્સ વધતાં જો ફેમીલી બેલેન્સ ઓછું થાય, તો સમજવું કે એ પૈસો આપણને સૂટ નથી થયો - **તરૂણસાગરજી**
- દરેકની નિંદા સાંભળી લો, પણ તમારો ફૈસલો ગુપ્ત રાખો - **શેક્સપિયર**

બોધ કથા

આજના યુવાનો મોબાઇલમાં માથું ઘાલી બેઠા રહે છે આજુબાજુ તો જોતા જ નથી પણ વીડિયોગેમ વગેરેમાં અને 'મીડિયમ' ના બોજમાં એમની કલ્પના શક્તિ તદ્દન કુંઠિત થઇ ગઇ છે. પરીકથાઓ, સિંદબાદની સફરો, ચંદ્રલોકની કથાઓ તો તેમનાથી યોજનો દૂર થઇ ગઇ-વળી દાદા-દાદી પાસેથી કલ્પના સભર, અનુભવકથા, રાત્રે વાર્તામાં સાંભળવા મળતી, હવે દાદા-દાદીને 'હલ્લો-હાય' કરવાનો રિવાજ પણ નીકળી ગયો છે. બાળકનો વિકાસ, વાચંન અને કલ્પના શક્તિ પર આધાર રાખે છે.

'જોઆન'ના લગ્ન એક ટીવી-પત્રકાર સાથે થયાં એને 'જેસીકા'નામની પુત્રી પણ થઇ. લગભગ પાંચ વર્ષ પછી દાંપત્યનું પોત પ્રકાશે. સ્વભાવ-ટેવોનો પરિચય થાય અને લગ્નમાંથી પ્રેમ ઊડી જાય. 'પ્રેમ-લગ્ન' હોય છતાં! જોઆન પુત્રી જેસીકાને લઇ છૂટી પડી. આર્થિક ટેકો ગયો. નિરાધાર થઇ ગઇ.

જોઆન નાનપણમાં ખૂબ વાંચતી. દાદી પાસેથી પણ કલ્પનારંગી વાર્તાઓ સાંભળતી-એ જૂની પરીકથાઓ અને જાદુટોનાનું મિશ્રણ કરી કલ્પનામાં ક્લમ ઝબોળી એણે પુસ્તક લખ્યું. પહેલું પ્રકરણ જ્યારે જેસીકાને વાંચવા આપ્યું ત્યારે જ તેની ઉત્કંઠા વધી ગઇ. પુત્રીએ તરત આગળ લખવાનો આગ્રહ કર્યો. પુસ્તક લઇને 'બ્લુમ્સબેરી' પાસે ગઇ અને પુસ્તક છાપવા વિનંતી કરી.

બ્લુમ્સબેરી નામની પ્રકાશન સંસ્થાએ જોઆનનું એ પુસ્તક છાપ્યું અને એનું ખૂબ વેંચાણ થયું. બ્લુમ્સબેરીએ એ જ સંદર્ભમાં 'શ્રેણી' લખવાનો આગ્રહ રાખ્યો અને જિઆન લખવા લાગી. વેંચાણ વધ્યું, આવક વધી જેઆનની બ્રિટનની ધ્રિક વ્યક્તિમાં ગણતરી થવા લાગી.

આ પુસ્તક અને એનાં મુખ્ય કાલ્પનિક પાત્રનું નામ તમે પણ જાણો છો - એનું નામ 'હેરી પોટર'...

Email - sureshchandrabhatt18@gmail.com

એક ગધેડો નેતાનું પોસ્ટર ચાવી ગયો ને પછી થઇ જોવા જેવી...!

વિચાર યાત્રા
- જય ઓઝા

એક ગધેડો રાષ્ટ્રીય નેતાનું પોસ્ટર ચાવી ગયો,
અને પછી તો એ ગધેડો નામનાં આવી ગયો!
પળભરમાં, ત્રણે કાળનું એને ભાન થઇ ગયું,
પોતે સાવ ગધેડો નતી એનું ભાન થઇ ગયું.
પહેલાં તો એણે એક સારૂં સ્થાન ગોતી લીધું,
પછી મોજથી જરા આળોટી લીધું,
(ભ'ઇ આ એની આનંદ વ્યક્ત કરવાની રીત છે, કરે એ તો... આપણાથી વચ્ચેનાં અવાય!)
પછી, તો
કાન હલાવી, ખરી પછાડી એ તૈયાર થઇ ગયો,
ગઇકાલનો ગધેડો પળભરમાં તોખાર થઇ ગયો
હવે એ જે કંઇ કરે એ જરા સ્ટાઇલથી કરે છે,
પોળ, પાદર છોડી ને સી.જી.રોડ પર ચરે છે.
જ્યારથી એણે ગુલાબી ગાંધી છાપનો સ્વાદ ચાખ્યો છે,
ત્યારથી આયર-કુયર ચરવાનો ઉપક્રમ બંધ રાખ્યો છે.
ઇંટવાડાથી સાઇટના ફેરા એ કમાન્ડો લઇને ફરે છે.
હમણાથી એ હોંચી હોંચી ને બદલે ફક્ત જાહેર નિવેદન કરે છે.
પછી તો એ નેતા જેવા નખરા શીખી ગયો બે-ચાર,
અને એક દિવસ ઉકરડે ચડીને એણે કર્યો પોકાર.
કહે,
હે, વૈશાખનંદનો,
આડિયું, ફગાવીને સહુ મુક્ત થઇ જાવ,
દુનિયાભરના ગધેડાઓ, એક થઇ જાવ!
ક્યાં સુધી આપણે માણસોના જુલમ સહીશું?
ક્યા સુધી આ કમરતોડ ભાર વહીશું?
હવે તો ગર્દભ અધિકાર પંચને અરજી કરીશું,
અને એક દિવસ આપણો હક્ક લઇને જ રહીશું.
અરે તુચ્છ માનવો,
અક્કલવગરના ને તમે ગધેડો કહો છો,
વૈતરૂં કરનારને અમારો ભાઇ ગણો છો,
અરે, તમારૂં કંઇક તો સ્ટેન્ડર્ડ રાખો,
હવેથી કોઇ સારા માણસને ગધેડો કહેવાનું રાખો!
પછી તો એ માગણીઓનું લાંબુ લિસ્ટ વાંચી ગયો,
સાંભળીને એક એક ગધેડો તાનમાં આવી ગયો!
કેટલાકે તો ગળાને છુટ્ટું જ મુકી દીધું,
અને ઊંચા સાદે મન મુકીને ભૂંકી લીધું!
લીસ્ટમાં શું હતું?
હવેથી માલ અને માઇલેજ પ્રમાણે નૂર વસૂલાશે,
આપણી ઉપર બેસનારની પણ ટીકીટ લેવાશે.
ડફણાથી એન્કાઉન્ટર કરનારને આપણે ઠીક કરીશું,
નહિ તો એને તો સી.બી.આઇ.ની તપાસમાં ફિટ કરીશું.
માણસના ડચકારા પર હવે અમે નહી દોડીએ,
અમારો ચારો ખાઇ જનારને અમે નહિ છોડીએ,
અમારા વિશ્વમાં અમારૂં જ તંત્ર રહેશે,
પોતાને ગમતી ગધેડી પસંદ કરવા માટે ગધેડો સ્વતંત્ર રહેશે.
હવેથી પહેલી તારીખે હાથમાં પગારનો ચેક હશે,
કહેવતોમાંથી આપણો ઉલ્લેખ દૂર કરાવીશું,
આપણી, આગળ લટકાવેલું ગાજર દૂર હટાવીશું.
અરે 'ખર-સુતો',
'ના હું તો ગાઇશ' નો પાઠ પાઠ્ય પુસ્તકોમાંથી રદ થશે.
અને હવે તો એક એક ગધેડો ભૂંકવામાં વિશારદ થશે.
હવે તો આપણને બુલંદ અવાજે ભૂંકતા નહિ કોઇ રોકી શકે,
ન તો આપણને રિવર ફ્રન્ટ પર આળોટતા કોઇ ટોકી શકે,
પછી તો વાતો, લાતો અને હાલકો ઘણી થઇ,
અને હોકારા પડકારા વચ્ચે સભા પૂરી થઇ.
એવામાં એક દિવસ એને એક મંત્રીને ભેટો થયો,
એની સાથેની વાતચીતથી એ ઘણો પ્રભાવિત થયો.
એણે કહ્યું, મને તમારો શાગિર્દ બનાવો,
અને દર પાંચ વર્ષે ચૂંટાવાનો કીમિયો બતાવો!
નેતા કહે,
કીમિયો બહુ સરળ છે.
આ દેશની જનતા બહુ ભોટ છે જે વોટ આપીને સુઇ જાય છે,
અને એમાં જ આ બંદાનું કામ થઇ જાય છે!
દર ચૂંટણીએ એમની આગળ વચનોનું ગુલાબી ગાજર લટકાવી દઉં છું,
અને એમ ને એમ જ દર પાંચ વર્ષે ચૂંટાઇ જઉં છું!
સાંભળીને એ ખર નેતા વિચારમાં પડી ગયો,
એના મગજ ઉપર પડેલો પડદો ઉપડી ગયો.
એને લાગ્યું કે માણસ બનીને ગધેડો બનવું,
એના કરતાં આપણે ગધેડા જ સારા છીએ....
આપણે ગધેડા જ સારા છીએ...
આપણે ગધેડા જ સારા છીએ...

● **આડિયું** = તોફાની ગધેડાને કાબુમાં રાખવા માટે એના ગળામાં લટકાવેલું લાકડું.

હમણાં થોડા સમય પહેલાં આ કટાક્ષિકા કવિતા મેઇલમાં આવી. The Great Indian સર્કસ જેવા આપણા દેશના રાજકારણની તાસીર આ જ પ્રકારની છે...

ઘણીવાર નવાઇ લાગે કે મહાન રાજનીતિજ્ઞ ચાણક્યના દેશમાં આજે એવો એક પણ નેતા નથી જે દેશને સાચી દિશામાં લઇ જાય...

પરિવારવાદ, સગાવાદ આ બધા પ્રમાણો ને આધારે જ પક્ષની ધુરા નક્કી થતી હોય, તે દેશ લોકશાહી દેશ કહેવાને લાયક છે?

આપણી જ ઉદાસીનતાના કારણે ઓછું મતદાન થવાના લીધે છેલ્લા ઘણા વર્ષોથી ત્રિશંકુ સરકાર આપણા માથે થોપવામાં આવી રહી છે... સ્પષ્ટ બહુમતી વગર આલીયા માલીયા હમાલીયા આપણી ઉપર ઠોકી બેસાડાય છે... શું આ લોકશાહી છે?

ત્રાહિમાન પોકારી જઇએ તેવી મોંઘવારીમાં કૌભાંડોના એક પછી એક ચક્રવ્યુહમાં અટવાતી સામાન્ય અભિમન્યુ રૂપી પ્રજાને પીખી નાખવા દુ:શાસન, દુર્યોધન સમાન દગાબાજ નેતાઓ ગીધડાની જેમ આપણને સામાન્ય પ્રજાને ચાંચ મારી રહ્યા છે...

પાંચ વર્ષે એકવાર આપણી પાસે એક માત્ર તક આવે છે કે આપણે કથળતી વ્યવસ્થાને પરિવર્તિત કરી શકીએ.... અને ત્યારે પણ આપણને જો ઉદાસ અને હતાશાવાદી વલણ ધરાવીને મત આપવા ન જઇએ તો, ...પછી આ કૌભાંડો, મોંઘવારી, બળાત્કારો, લૂંટફાટ થતી હોય ત્યારે બોલવાનો આપણને કોઇ હક્ક નથી.

નેતા નામના આ વાયરસ એટલા ચેપી હોય છે કે ડેંગ્યુ અને ચિકનગુનિયાને પણ પાછળ છોડી દે.

માનવ એક સામાજિક પ્રાણી છે, જ્યારે ગધેડો તો વન્ય પ્રાણી છે... પણ હવે તે વન કરતાં આપણાં સમાજમાં વધુ જોવા મળે છે... માટે હવે તે પણ સામાજિક પ્રાણી છે...

આપણે ગધેડાને ડફોળ ગણીએ છીએ, અને નેતા આપણને ડફોળ બનાવે છે... અને જોવાની ખૂબી એ છે કે નેતાના ઇન્ફેક્શન રૂપી ચેપી વાયરસથી આ વૈશાખનંદન પણ બાકાત રહી શક્યો નથી...

આપણે ગધેડાના ગળે ગાજર લટકાવીને કામ કરાવીએ છીએ અને નેતા આપણા ગળે વાયદાઓ રૂપી ગાજર લગાવી લગાવીને લલ્લુ બનાવે છે...

માણસમાંથી ગધેડા બનીને ડફણા ખાદે રાખવાનો સમય આવે તે પહેલાં ચેતી જઇએ... અને વધારેમાં વધારે મતદાન કરીને યોગ્ય ઉમેદવાર અને પક્ષને સ્પષ્ટ બહુમતિ સાથે ચૂંટી લાવીએ...

આશા બલવંતી રાજન, શલ્યો જેષ્યતિ પાંડવાન્ ॥

આ ઉક્તિના ન્યાયે આશા છોડવી નથી. નિરાશામાં ઘેરાઇ જઇને કાંઇ પણ ન કરવા કરતા જવાબદારી ઉઠાવીને પરિણામ માટે તૈયાર રહીએ...

વિનમ્રતાના વૈભવી, દ્વારકાધીશના પરમભક્ત, સહજ વ્યક્તિત્વના ધની, ઉદ્યોગકાર, મૌલેશભાઇ ઉકાણી

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

કૃષ્ણમૂર્તિ કહે છે : "સૌએ પોતપોતાનું સત્ય શોધવાનું છે." જીવનના વિવિધ સત્યોની નજીક સફળતાપૂર્વક પહોંચી રહેલા વિનમ્રતાના વૈભવી, દ્વારકાધીશના પરમભક્ત, સહજ વ્યક્તિત્વના ધની અને હર્યા-ભર્યા પરિવારના સ્વજન મૌલેશભાઇ ઉકાણીને મિત્રો જીજ્ઞેશ પટેલ અને કાંતિભાઇ લેટિયાની સાથે માત્ર થોડી ક્ષણો જ મેળવવાનું થયું પણ એ ક્ષણો અમે સરસ રીતે જીવી ગયા.

મૌલેશભાઇના પિતા આદરણીય ડો. ડાહ્યાભાઇ પટેલે અને માતા આદરણીય લાભુબહેનને વંદન કરવાનું હું મારૂં સદ્‌ભાગ્ય ગણું છું.

બાન લેબ્સ લિમિટેડ, રાજકોટના મેનેજિંગ ડિરેક્ટર મૌલેશભાઇ ઉકાણીના હર્યા-ભર્યા વ્યક્તિત્વને વરિષ્ઠ પત્રકાર નરેશ શાહે પોતાની કસાયેલી કલમે 'અણમોલ જિંદગી' નામના બે ગ્રંથોમાં ખૂબ જ સુંદર રીતે ઉજાગર કર્યું છે. આ બંને ગ્રંથોમાંથી પસાર થવાથી મેં એક મજાના વ્યક્તિત્વની પ્રતીતિ કરી ત્યારે હું મનોમન મૌલેશભાઇના વ્યક્તિત્વને મારામાં ઊતારતો હતો.

મૌલેશભાઇ માટે ગુજરાતી ભાષાની કહેવત 'પુત્ર'ના લક્ષણ પારણામાંથી 'પર્યાપ્ત છે. તેમના પિતા ડાહ્યાભાઇ સિદ્‌સર ઉમિયા માતા મંદિરના ટ્રસ્ટી પદે અને તન,મન, ધનથી સેવા કરે એ સરવાળી મૌલેશભાઇ સુધી પહોંચે એ મોટું સાક્ષાત ફળ છે.'

મૌલેશભાઇની પ્રતિભા રાજકોટ રત્ન માટે જ નહીં પણ સમગ્ર સમાજ માટે ઉમદા રત્નને છાજે તેવી પારદર્શક, સાલસ સૌમ્ય અને મિલનસાર છે. વ્યક્તિ નાની હોય કે મોટી, બધાં ને સરખેઉં સન્માન આપનારા તેઓ સરગમ ક્લબ, ક્લબ યુવી કેટલી સંસ્થા ગણાવું? પણ અનેક સંસ્થામાં સાકારની જેમ ભળી જતાં મૌલેશભાઇ અને તેમનાં પરિવાર ઉપર દ્વારકાધીશના ચારેય હાથ હંમેશા ફરે છે. કેવી કૃપા! કેવું સદ્‌ભાગ્ય!

પત્રકાર, લેખક નરેશ શાહ કહે છે કે, 'વ્યક્તિ તરીકે' કાયમ ખુશમિજાજ રહેતા અને મળનારી તમામ વ્યક્તિને ઊર્જા અને ઉત્સાહની અનુભૂતિ કરાવી દેતું વ્યક્તિત્વ ધરાવતાં અને પ્રેમનાં પ્રતિબિંબ જેવા મૌલેશભાઇ ઉકાણી માર્કેટ, પ્રોડક્ટ અને બ્રાન્ડેડ દુનિયાની ભાષામાં કહીએ તો 'હર્બલ જાયન્ટ' છે. ૧૯૬૬માં જન્મેલી તેમની બાન લેબ્સ લિમિટેડ કંપની સાથે સંકળાયેલા ચાર હજાર જેટલા કર્મચારીઓ મૌલેશભાઇ સાથે સાથીદારો અને ફેમિલી મેમ્બર બરાબર છે. તેમની બનાવેલી પ્રોડક્ટ ભારત અને દુનિયાના ૪૦ થી વધુ દેશોમાં પણ વેચાય છે. બેસ્ટ ક્વોલિટી એવોર્ડ, ઇન હાઉસ, આર એન્ડ ટી એવોર્ડ સહિત ભારત સરકારની મિનિસ્ટ્રી ઓપ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ તેમની કંપનીને આઉટ સ્ટેન્ડીંગ એક્સપોર્ટ એવોર્ડથી સન્માની ચૂકી છે.

'છેલ્લા પાંચ વરસમાં જ તેમનાં 'સેસા' હેર ઓઇલની બ્રાન્ડ વેલ્યુ એટલી ઊંચી થઇ ગઇ છે, સાત પેઢી તરી જાય. ચસ માર્કેટીંગના નિષ્ણાતો માને છે કે, 'સેસા' બ્રાન્ડની માર્કેટ વેલ્યુ અત્યારે કરોડોની ગણાય. બાન લેબ્સ આવી દોઢસો પ્રોડક્ટ બનાવે છે. વિશ્વનું એક પણ ઘર એવું ન હોવું જોઇએ કે જેમાં બાન લેબ્સે બનાવેલી પ્રોડક્ટ ન વપરાતી હોય એવા વિશ્વાસ સાથે કામ કરતાં મૌલેશભાઇની કંપની ઇથીકલ આયુર્વેદ પ્રોડક્ટ (જેને ડોકટર પ્રિસ્ક્રાઇબ કરી શકે) ની બાબતમાં દેશની ટોચ ફાઇવમાં સ્થાન પામી ચૂકી છે.'

મૌલેશભાઇને પુસ્તકો વાંચવા અને ભેટ આપવા બહુ જ ગમે છે. એમનાં વ્યક્તિત્વને પ્રગટ કરતું ઉત્તમ, ઉમદા, પ્રેરક પુસ્તક 'અણમોલ જિંદગી' નો કોન્સેપ્ટ એવો છે કે, આખું ફેમિલી અને મીડીયમ ઇંગ્લિશમાં ભણતાં બચ્ચાઓ પણ તેમાંથી કશુંક પ્રાપ્ત કરી શકે. ઉપરાંત હતાશ વ્યક્તિને માત્ર ઊભી કરે છે, તેમ નહીં પણ પોઝિટિવ ઉર્જાથી છલોછલ કરી દે તેવી પાવરફૂલ છે.

મૌલેશભાઇ હંમેશા કહે છે કે, 'મારો પરિવાર જ મારી સાચી શક્તિ છે! કેટલી મોટી વાત?' આપણે પણ આપણા જીવનમાં ઉતારવા જેવી વાત.

ચહ પ્રીત કરને કી રાત નહીં.
રબ જાગત હૈ તૂં સોવત હૈ;
જો કાલ કરે સો આજ કર લે,
જો આજ કરે સો અબ કર લે.

અહીં, મને વિનોભા, ડો. રાધાકૃષ્ણન, ટાગોર, સરદાર પટેલ, ગાંધીજી, અબ્રાહ્મ લિંકન, સ્વામી વિવેકાનંદ, ટોલ્સટોય, સોક્રેટીસ, જે. કૃષ્ણમૂર્તિ યાદ આવે અને મૌલેશભાઇ માટેનાં સમૃદ્ધ વિચારો મૂકવાનું ગમે.

'સાદગીનો અર્થ સાદુપણાથી જીવવું એવો નથી. સાદગી એટલે શીતળતા, તમારી સમીપ કોઇને આવવાનું મન થાય. તમારા શબ્દોથી, વર્તનથી, વારંવાર આવતા રહે એનું નામ તમારી સાદગી, આવી જ રીતે, બંદગી માટે પણ વિચારીએ તો તમને જેને માનતા હો એ સર્વોપરી શક્તિને યાદ રાખીને કોઇ પણ કામ કરો તો એ બંદગી જ છે. ફુદરતના CCTV ચોવીસ કલાક અને ૩૬૫ દિવસ અર્થાત્ 24 x 365 ચાલુ જ હોય છે. સાદગી અને બંદગીથી જીવી જાણીએ તો સરવાલારૂપે મળે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

કેવી રીતે બનશો નંબર વન?

પોઝિટિવ થિન્કિંગ
- યશવંત કડીકર

શું તમે બધાથી જુદા, ખાસ અને પછી નંબર વન બનવા માગો છો? બીજા શબ્દોમાં કહીએ તો તમારા વ્યક્તિત્વના પ્રભાવથી તમારાં સ્વજનો-સખીઓને આજી નાંખવા માંગો છો? તમારા મનમાં જરૂર એવું થતું હશે કે કોઈ તમારાં વખાણ કરે, તમારા દેખાવડાપણાની પ્રશંસા કરે, છેવટે તમારા લાંબા સુંવાળા વાળને તો બિરદાવે જ. બનવાજોગ છે કે તમારી બહેનપણી અનુપમાનાં ખૂબ વખાણ થતાં હોય. તમે એનાથી કોઈ રીતે ઊતરતાં નથી જ. હા, બરાબર તમે એની જેમ પ્રશંસાયોગ્ય બનાવા માગતાં હો તો સહજ રીતે એવું કરી શકો છો. આવું કરતાં પહેલાં તમારે તમારાં મૂલ્યાંકન કરવું પડશે અને વ્યક્તિત્વ-વિકાસના સામાન્ય નિયમોનું પાલન કરવું પડશે.

હકીકતમાં પોતાના વ્યક્ત કરવાની પદ્ધતિને વ્યક્તિત્વ કહેવામાં આવે છે. એનો અર્થ એ છે કે તમે તમારા પોતાના લોકોની વચ્ચે કેવી જાતનો વ્યવહાર કરો છો, તમારાં વ્યવહાર- વર્તનમાં તમારા શરીરનું સૌષ્ઠવ, તમારી માનસિકતા તથા તમારા નૈતિક ગુણ સૌમ્ય રીતે પ્રગટ થાય છે. કેટલીક વાર એવું પણ જોવામાં આવે છે કે શારીરિક દૃષ્ટિએ સુંદર અને બળવાન ન હોવા છતાં કેટલાકનું વ્યક્તિત્વ જ ખૂબ આકર્ષક હોય છે. મહાત્મા ગાંધીજી આ માટેનું ઉદાહરણ છે. એક દૂબળા-પાતળા, ખૂબ જ સાદાઈમાં રહેનારા ગાંધીજીએ બ્રિટિશ રાજ્યકર્તાઓને ભારત છોડવા માટે લાચાર બનાવી દીધા. ભારતનાં કોકિલા સરોજિની નાયડુ અથવા વિરલ ગાયિકા લતા મંગેશકર શારીરિક રીતે એટલાં આકર્ષક નથી, તોપણ એમણે વિરલ સિદ્ધિ હાંસલ કરી છે. એટલે જો શારીરિક દેખાવ બહુ સ્વરૂપવાન ના હોય તોપણ તમારે નિરાશ થવાની જરૂર નથી.

વ્યક્તિત્વનો બીજો મહત્વપૂર્ણ અર્થ છે તમારી માનસિકતા. તમે ઉદાસ રહો છો, ખિન્ન રહો છો, ચિંતાતુર રહો છો, મલકાતાં રહો છો કે હસતાં રહો છો એની પરખ કરો. શું તમે નાની-નાની વાતો પર નારાજ થઈ જાઓ છો? કોઈના અણગમતા સમાચારથી તમે નર્વસ થઈ જાઓ છો અને રડવા લાગો છો કે પછી શાંત રહીને બીજાને પણ આશ્વાસન આપો છો? શું તમે તમારી બહેનપણીને નીચું જોવડાવવા માટે તો તમારી જાતને મહાન બનાવવા માગતાં નથી ને? આવું ભૂલથી પણ ના કરશો. પ્રયત્ન કરો કે તમે શાંત અને સૌમ્ય દેખાઓ. બીજા પ્રત્યે વ્યક્ત થતી તમારી સહિષ્ણુતા અને ઉદારતા તમને આકર્ષક અને લોકપ્રિય બનાવી શકે છે.

બીજા પણ કેટલાક ઉપાયો છે, જે તમને લોકપ્રિય બનાવવા માટે મહત્વના છે. એમાંથી એક છે તમારી નૈતિકતા. સ્વજનો કે સમાજ પ્રત્યે નૈતિક બનવું જરૂરી છે. એટલે આપણું કોઈ પણ કામ એવું ના હોય જે આપણા કુટુંબ કે સમાજનું અહિત કરે. મહત્વની વાત તો એ છે કે આપણે કુટુંબ અને સમાજની પ્રતિષ્ઠાને આપણી પ્રતિષ્ઠા સાથે જોડવી જોઈએ. મોટેરાંઓ પ્રત્યે આદરભાવ, દેશ પ્રત્યે પ્રેમ, તે એવા નૈતિક ગુણો છે જે આપણને અગત્યના બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

મોટા ભાગે આપણી યુવાન બહેનો એવું વિચારતી હોય છે કે લોકપ્રિય બનવા માટે કે બીજાનાં વખાણ પામવા માટે ધન-દોલતની જરૂરત હોય છે. આમે રૂપિયા પૈસાનું મહત્વ એમની જગ્યાએ છે, પરંતુ જો તમે શ્રેષ્ઠ બનવા માગતા હો તો તમારો રસ્તો કોઈ નહીં રોકી શકે. આ સંદર્ભે એ જાણવું જરૂરી છે કે સુંદર અને આકર્ષક દેખાવું એ જ સુંદર વ્યક્તિનું નામ નથી. શેક્સપિયર, મીરાં કે કબીરમાંથી કોઈને આપણે નથી જોયાં, પરંતુ આપણાં મનમાં એમની છબી ખૂબ જ આદર સાથે અંકિત થયેલી છે. કહેવાનો મતલબ એ છે કે રૂપ, સજાવટ, વસ્ત્રપરિધાન અને શરીરના હાવભાવથી કોઈ લોકપ્રિય નથી બનતું. એ જરૂરી છે કે એમનામાં એવી કોઈ પ્રતિભા હોય જે સહજ રીતે પોતાના તરફ બધાને આકર્ષિત કરે.

તમે તમારી શારીરિક અને માનસિક ક્ષમતાનો અંદાજ લગાવો, અત્યાર સુધીની સિદ્ધિઓ ઉપર પણ નજર નાખો. તમારી પસંદગીનું પણ મૂલ્યાંકન કરો. છેવટે જુઓ કેતમે કયા ક્ષેત્રમાં તમને પોતાને સર્વશ્રેષ્ઠ બનાવીને રજૂ કરવા માગો છો? શું તમે મોડલ બનવા માંગો છો? સંગીત કે નૃત્યના ક્ષેત્રમાં નામના મેળવવા માગો છો કે લશ્કર, વહીવટ, સમાજસેવાનાં ક્ષેત્રે નામ કમાવા માગો છો?

તમારી સામે અનેક ક્ષેત્રો છે, પરંતુ જરૂર એ વાતની છે કે તમે કિશોર- અવસ્થામાં એ સારી રીતે જાણી લો કે ફક્ત શારીરિક સૌષ્ઠવ કે આધુનિક પહેરવેશ જ તમારૂં વ્યક્તિત્વ ઘડતર નથી કરતાં, પરંતુ તમારામાં છુપાયેલી પ્રતિભા, તમારા ચારિત્ર્ય ગુણ, તમારી નૈતિકતા જ તેમને સફળતા કે કીર્તિના શિખરે પહોંચાડે છે. કિશોરાવસ્થામાં સંવેદનોની પ્રબળતાના કારણે મન ભાવુક બની જાય છે અને આપણે સાચા ક્ષેત્રની પસંદગીમાં શક્તિમાન નથી બની શકતા. આ અસમર્થતાને દૂર કરી આપણે જરૂર બીજાથી જુદા છીએ - જો તમે એ સૂત્રને સમજી લીધું તો દુર્બળ શરીર હોવા છતાં, આર્થિક મુશ્કેલીઓ હોય તો પણ આ ખ્યાલ અવશ્ય રાખજો કે વિકાસનો માર્ગ એક બાજુ નક્કી કરી રાખો, જેથી ઓછા સમયમાં ઇચ્છિત સફળતા મળી શકે. એટલે તમે પોતે જ તમારી પ્રતિભા અને ક્ષમતાને જાણો અને એનો પૂરેપૂરો લાભ ઉઠાવીને જીવનની સાર્થકતાને સિદ્ધ કરી બતાવો. અસ્તુ.